# 11. હિંડોળો

**લોકગીત**

લોકગીત લોકસમૂહ દ્વારા રચાય છે. લોકગીત પરંપરાથી લોકોમાં ગવાતું ચાલ્યું આવે છે, તેથી તે નાનાં-મોટાં સૌને આનંદ આપે છે. આ લોકગીતમાં કૃષ્ણનું વર્ણન કરવામાં આવ્યું છે.



સોનાની સાંકળે બાંધ્યો હિંડોળો આંબાની ડાળ,

રૂપાનાં કડલાં ચાર,

વા'લો મારો, હીંચે હિંડોળે...આંબાની ડાળ0

બાંયે બાજુબંધ બેરખા રે આંબાની ડાળ (2)

કિનખાબી સુરવાલ,
વા'લો મારો, હીંચે હિંડોળે...આંબાની ડાળ0
ચડવા તે ઘોડલા હંસલા રે, આંબાની ડાળ (2)
પિત્તળિયાં પલાણ,
વા'લો મારો, હીંચે હિંડોળે...આંબાની ડાળ0
પગે રાઠોડી મોજડી રે, આંબાની ડાળ (2)
ચાલે ચટકંતી ચાલ,
વા'લો મારો, હીંચે હિંડોળે...આંબાની ડાળ0
માથે મેવાડી મોળિયાં, આંબાની ડાળ (2)
દશે આંગળીએ વેઢ,
વા'લો મારો, હીંચે હિંડોળે...આંબાની ડાળ0

## શબ્દસમજૂતી

**હિંડોળો** હીંચકો, ઝૂલો **રૂપું** ચાંદી **કડલું** પગનું એક ઘરેણું, કલ્લું **બાજુબંધ** બાવડા પર પહેરવાનું એક ઘરેણું **બેરખો** રુદ્રાક્ષના મોટા મણકાની માળા **કિનખાબી** જરીબુટ્ટાના વણાટનું એક જાતનું કાપડ **સુરવાલ** પાયજામો, ચોરણો **પિત્તળિયું** પિત્તળ નામની ધાતુમાંથી બનેલું **પલાણ** ઘોડાની પીઠ પર નાખવાનું આસન **રાઠોડી** રાજપૂતોની એક જાતિને લગતું **મોજડી** નાજુક કે કસબી પગરખું **ચટકંતુ** (અહીં) રુઆબદાર, ભપકાદાર **મેવાડી** મેવાડનું **મોળિયું** કસબી ફેંટો **વેઢ** બેથી વધારે આંટાવાળી વાળાની વીંટી

## ભાષાસજ્જતા

**'હિંડોળો'** એ લોકગીત છે. લોકગીતએ **સાહિત્ય**નો એક પ્રકાર છે. જે લોકોમાં પરંપરાગત ગવાતું આવે છે. એનાં ભાષા, લય, ઢાળ વિશિષ્ટ હોય છે.

આ કાવ્યમાં નીચેના જેવા વિશેષણવાળા શબ્દોનો પણ પ્રયોગ થયેલો છે :

**સોનાની** સાંકળ　　**પિત્તળિયાં** પલાણ
**રૂપાનાં** કડલાં　　**રાઠોડી** મોજડી
**કિનખાબી** સુરવાલ　　**ચટકંતી** ચાલ

• **બીજા આવા અન્ય શબ્દો નીચેના બૉક્સમાં લખો :**

• **નીચેની સંજ્ઞાઓ વાંચો :**

| | | |
|---|---|---|
| વિદ્યાર્થી | ગધેડું | લખોટીઓ |
| પંખો | પુસ્તકો | કીડીઓ |
| બાળક | ઘોડો | હાથી |

સંજ્ઞા દ્વારા દર્શાવાતી **વસ્તુ, વ્યક્તિ** કે **પ્રાણી** એ એક છે કે વધુ છે એવો ભેદ **'વચન'** વડે દર્શાવાય છે.

**જેમ કે,** કોઈ શબ્દ બોલવાથી તે એક જ **વસ્તુ, વ્યક્તિ** કે **પ્રાણી** છે એમ સમજાય ત્યારે તે શબ્દ **'એકવચન'** કહેવાય છે.

**ઉદાહરણ :** વૃક્ષ, બાળક, પાટલી

જ્યારે કોઈ શબ્દ બોલવાથી તે એક કરતાં વધારે **વ્યક્તિ, વસ્તુ** કે **પ્રાણી** છે એમ સમજાય ત્યારે તે **'બહુવચન'** કહેવાય છે.

**ઉદાહરણ :** વૃક્ષો, બાળકો, પાટલીઓ

**હવે, નીચે આપેલા શબ્દોમાંથી એકવચન અને બહુવચનવાળા શબ્દો જુદા પાડો :**

(કડલું, હંસલો, ઘોડા, બેરખાં, બારણાં, સાંકળ, હીંચકો, આંબો, વડલો, માથાં, મોળિયો)

| એકવચન | બહુવચન |
|---|---|
| | |

## સ્વાધ્યાય

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) શ્રીકૃષ્ણે કેવી મોજડી પહેરી છે ?

(2) કાવ્યમાં વા'લો શબ્દ કોના માટે વપરાયો છે ?

(3) હિંડોળો ક્યાં બાંધેલો છે ?

(4) શ્રીકૃષ્ણ કેવી ચાલ ચાલે છે ?

(5) શ્રીકૃષ્ણે દશે આંગળિયે શું પહેર્યું છે ?

**2. શ્રીકૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.**

**3. 'અ' વિભાગને 'બ' વિભાગ સાથે યોગ્ય રીતે જોડો :**

| અ | બ |
|---|---|
| (1) હિંડોળાને | ☐ રૂપાનાં છે. |
| (2) વા'લાનાં ચાર કડલાં | ☐ વેઢ છે. |
| (3) શ્રીકૃષ્ણને માથે | ☐ મેવાડી મોળિયાં છે. |
| (4) દશે આંગળીએ | ☐ રાઠોડી મોજડી છે. |
| | ☐ સોનાની સાંકળે બાંધ્યો છે. |

**4. આ લોકગીતમાં આવેલા શબ્દો પરથી નીચે જેવા પ્રશ્નો બનાવો :**

ઉદાહરણ : હિંડોળો આંબાની ડાળે બાંધ્યો છે.

પ્રશ્ન : હિંડોળો ક્યાં બાંધ્યો છે ?

(1) કડલાં રૂપાનાં બનેલાં છે.

પ્રશ્ન : ____________________

(2) હિંડોળો સોનાની સાંકળે બાંધ્યો છે.

પ્રશ્ન : ____________________

(3) શ્રી કૃષ્ણ ચટકંતી ચાલે ચાલે છે.

પ્રશ્ન : ____________________

**5. શ્રીકૃષ્ણનાં વિવિધ નામોની યાદી બનાવો.**

## 6. 'ચોરસ'માં 'શબ્દસમૂહ માટે એક શબ્દ' આપેલા છે. શબ્દ-રમતમાંથી શોધી તેની ફરતે ◯ કરો અને બંધબેસતા વાક્ય સામે લખો :

| | | | | | |
|---|---|---|---|---|---|
| પ | લા | ણ | ક | ત્ર | જા |
| પિ | વે | ઢ | મો | બે | મો |
| ત | ય | બે | ર | ખો | જ |
| ળિ | ખાં | ક | ડ | બું | ડી |
| યુ | વિ | બા | જુ | બં | ધ |
| મ | કિ | ન | ખા | બી | ટ |

ઉદાહરણ : ઘોડાની પીઠ પર નાખવાનો સામાન પલાણ

(1) નાજુક કે કસબી પગરખું ________

(2) જરીબુટ્ટીના વણાટનું એક કાપડ ________

(3) રુદ્રાક્ષના મોટા મણકાની માળા ________

(4) બેથી વધારે આંટાવાળી વાળાની વીંટી ________

## 7. તમારા ઘર, શાળા કે આસપાસ જોવા મળતી ચીજવસ્તુનાં નામ વિચારો અને આપેલ ખાલી જગ્યામાં ખૂટતા અક્ષર મૂકીને શબ્દ બનાવો :

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ખુ | | | | ડ | દો | | પ | લ | ઓ | | કું | | દ | લું |
| | પા | ઈ | ગા | | ચો | | જો | | | કા | | ક | પ | |
| વા | | ણ | | જ | રી | | ત | ર | | થો | ડી | | | કી |
| ત | | લી | | ન્સિ | | તુ | | ર | બા | | લી | ર | | ર |
| પ | | લી | | જં | ર | ત | | યો | મા | | લું | | ટ | લ |

## 8. નીચેના શબ્દોને શબ્દકોશના ક્રમ પ્રમાણે લખો :

સુરવાલ, આંબો, મોજડી, હિંડોળો, બાજુબંધ, રૂપું

(1) ________ (2) ________ (3) ________

(4) ________ (5) ________ (6) ________

### પ્રવૃત્તિ

- વડીલોની મદદથી લોકગીતની સંગ્રહપોથી બનાવો.

❖

# પુનરાવર્તન 3

**1. નીચેના દરેક પ્રશ્નનો ઉત્તર એક-એક વાક્યમાં લખો :**

(1) 'ચરણોમાં' કાવ્યના કવિ કયા સમયનું વર્ણન કરે છે ?

(2) વાલો કેસરિયો શેનો વેપારી હતો ?

(3) શિક્ષક લિંકનને કયું કામ સોંપે છે ?

(4) હિંડોળો ક્યાં બાંધેલો છે ?

**2. નીચેના પ્રશ્નોના ઉત્તર લખો :**

(1) ગરણી ગામ વિશે પાંચ વાક્યો લખો.

(2) 'ભૂલની સજા' પાઠના આધારે અબ્રાહમ લિંકન વિશે ચાર વાક્યો લખો.

(3) કોઈ પણ ત્રણ લોકગીતની બે-બે પંક્તિઓ લખો.

(4) 'ચરણોમાં' કવિતાના આધારે સવારનું વર્ણન કરો.

**3. નીચેની પંક્તિનો અર્થ તમારા શબ્દોમાં લખો :**

ઉગમણે આભમાં રેલાયા રંગ,
ચરણોમાં ચાલવાનો ઊછળે ઉમંગ.

**4. નીચેના શબ્દોને સ્થાને 'હિંડોળો' કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધીને લખો :**

(1) ઝૂલો ______ (2) ચાંદી ______ (3) રુદ્રાક્ષની માળા ______

(4) પાયનીળો ______ (5) ફેંટો ______ (6) પગરખું ______

**5. નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દો લખો :**

પંખી : ______ જણસ : ______ ધરપત : ______

પરિશ્રમ : ______ હિંડોળો : ______

**6. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો :**

ઉગમણું × ______ બાંધવું × ______

અભિમાન × ______ નફરત × ______

લગોલગ × ______


**7. નીચેની સાચી જોડણી યાદ રાખો :**

પ્રીત, સ્તુતિ, વિદ્યાર્થી, પરિસ્થિતિ, પ્રતીક

**8. એકવચન અને બહુવચન બંને માટે એકસરખા જ વપરાતા હોય તેવા પાંચ-પાંચ શબ્દો વિચારીને લખો.**

ઉદાહરણ : **પોપટ - પોપટ**

**9. નીચેની આકૃતિમાં ચાર અક્ષરવાળા શબ્દો મૂકો, જે દરેકના પહેલા બે અક્ષર 'તર' હોય અને જેનો અર્થ નીચેનાં વાક્યો મુજબ હોય :**




(1) એક ફળનું નામ ______

(2) તીરનો ભાથો ______

(3) ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક ______

(4) તરવામાં કુશળ ______

(5) યુક્તિ-પ્રયુક્તિ ______

(6) પ્રપંચ-કાવતરાં ______

(7) એક અટક ______

(8) શાકભાજી-ભાજીપાલો ______

(9) પક્ષ-તરફદારી ______

(10) વાવણીનું એક ઓજાર ______

(11) ભાષાંતર ______

(12) બારણા નીચેનો ભાગ ______

## 10. ગઈકાલની દિનચર્યા તમારી રોજનીશી લખો :

તારીખ : ______

❖